# ઉજ્જીવન ફાયનાન્સિયલનું રૂા.૮૮૫ કરોડનું ભરણું ૨૮ એપ્રિલે ખુલશે

પીટીઆઈ
મુંબઈ, તા.૨૨

લઘુ ધિરાણક્ષેત્રની અગ્રણી ખેલાડી ઉજ્જીવન ફાયનાન્સિયલ સર્વિસિસનું રૂા. ૮૮૫ કરોડનું પ્રારંભિક જાહેર ભરણુ (આઈપીઓ) ૨૮મી એપ્રિલના રોજ ખુલશે અને તે પ્રતિ શેર રૂ ૨૦૭-૨૧૦ની પ્રાઈઝ બેન્ડ નક્કી કરી છે. જાહેર ભરણુ રજૂ કરવા માટે મંજૂરી મેળવનાર તે બીજી માઈક્રોધિરાણકર્તા છે, જેને અગાઉ લઘુ ધિરાણ બેન્કની સ્થાપના કરવા માટે સૈદ્ધાંતિક મંજૂરી પ્રાપ્ત થયેલી છે.

૨૮મી એપ્રિલના રોજ પ્રારંભિક જાહેર ભરણુ ખુલશે અને બીજી મે રોજ તે બંધ થશે, કંપની દ્વારા રૂા.૩૫૮ કરોડની કિંમતના નવેસરના ઈસ્યુ રજૂ કરવાનો તેમા સમાવેશ થાય છે અને તેના વિદેશી રોકાણકારો દ્વારા ઓફર-ફોર-સેલ રૂા.૫૨૭ કરોડની છે, જે કંપનીમાં તેમના હિસ્સાને વિસ્તારી રહ્યા છે, તેમ ઉજ્જીવનના ચીફ ફાયનાન્સિયલ ઓફિસર સુધા સુરેશે જણાવ્યું હતું.

ત્રણ વિદેશી રોકાણકાર- મૌરેશિયસ યુનિટસ કોર્પોરેશન (૨.૪૯ ટકા), ડબ્લ્યુસીપી હોલ્ડિંગ્સ-૩ (૩.૦૬ ટકા) અને વુમેન્સ વર્લ્ડ બેન્કિંગ કેપિટલ પાર્ટનર્સ (૫.૩૪ ટકા) છે, જેઓ આઈપીઓ મારફતે કંપનીમાં સંપૂર્ણપણે ઉપસ્થિતિ ધરાવશે, તેમ સુરેશે જણાવ્યું હતું. રૂા.૮૮૫ કરોડના આઈપીઓ પૈકી કંપનીએ નવેસરથી મૂડી ઈસ્યુ કરી રૂ ૩૫૮ કરોડ ઊભા કરશે અને હાલના વિદેશી શેરધારકો દ્વારા ઓએફએસ મારફતે વ્યવહાર કરવામાં આવશે, તેમ સુરેશે જણાવ્યું હતુ.

કંપનીએ પ્રિ-આઈપીઓ પ્લેસમેન્ટ મારફતે રૂા.૨૯૨ કરોડનું ભંડોળ એકત્રિત કર્યું છે. કંપની વર્ષ ૨૦૧૭ના પ્રથમ ત્રિમાસિક ગાળા દરમિયાન લઘુ ધિરાણ બેન્ક રજૂ કરવાનો ઉદેશ ધરાવે છે, તેમ મેનેજીંગ ડિરેક્ટર અને સીઈઓ સમિત ઘોષે જણાવ્યું હતું.